તાત્કાલિક/અગત્યનું/FIRE NOC

જા.ન/પ્રાથમિક/ફાયરસેફ્ટી/૨૦૨૧/ 8106

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૨૩/૦૬/૨૦૨૧

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,
શહેરી વિસ્તારની બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ,

વિષય :- સક્ષમ અધિકારી પાસેથી ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર અંગેની માહિતી ભરવા બાબત.

સંદર્ભ:- ૧. નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ-૦૪ મુજબ અને ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટ તા.૨૨.૦૧.૨૦૨૧.
૨. ચીફ ઓફિસરશ્રી,FIRE,SMC,સુરતનાં પત્રાંક:એફઈએસ/આઉટવર્ડ/૪૨૩/૬ તા.૦૫/૦૬/૨૦૧.
૩. આ કચેરીનાં પત્રાંક:મા-૭/ફાયર-NOC/૨૦૨૧/૭૪૩૯-૪૦ તા.૧૦/૦૬/૨૦૨૧
૪. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરનાં પત્રાંક:પ્રાશિનિ/છ-૨/ સંકલન/૨૦૨૧-૨૨/૪૦૦૧-૮૭ તા.૧૯/૦૬/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સ્કુલ સેફ્ટી પોલીસી અંતર્ગત નેશનલ બિલ્ડીંગ કોડ-૦૦૫ પ્રમાણે ફાયર સેફ્ટીનાં ઉપકરણોની ગાઈડ લાઈન પ્રમાણે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ગાઈડ લાઈન મુજબ ફાયર સેફ્ટીનાં ઉપકરણોની સુવિધા ફરજીયાત હોવી જોઈએ. જે શાળાઓએ હજુ સુધી સક્ષમ અધિકારી પાસેથી ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરેલ ન હોય કે ફાયર સેફ્ટીના પ્રમાણપત્ર, ઉપકરણો રીન્યુ કરવાનાં બાકી હોય તો તાત્કાલિક કાર્યવાહી પૂર્ણ કરવી.

વધુમાં જે શાળાઓએ સક્ષમ અધિકારી પાસેથી ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર મેળવેલ હોય કે નિયત નમુનાનું સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ રજુ કરેલ હોય તેમજ ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરેલ હોય તેવી શાળાઓએ આ સાથે સામેલ ગુગલ ફોર્મની (https://forms.gle/QoCNjEhfWu69e3Rj6) લીંકમાં દિન-૨ માં માહિતી ભરવા જણાવવામાં આવે છે. ઉક્ત માહિતી ભરવામાં ન આવે અને ફાયર સેફ્ટી બાબતે આપની શાળામાં કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલક મંડળ અને શાળાનાં આચાર્યની રહેશે. તેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત